सत्यमेव जयते

| | |
|---|---|
| **અરજી સ્વીકાર્યા તારીખ** | ૦૫/૦૨/૨૦૨૬ |
| **અરજી નોંધ્યા તારીખ** | ૦૫/૦૨/૨૦૨૬ |
| **અરજી નિકાલ કર્યા તારીખ** | ૦૨/૦૪/૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ–માસ–દિન<br>૦૦–૦૧–૨૮ |

**જામનગરના મજૂર અદાલત નં.૧ ના પ્રમુખ અધિકારી સમક્ષ**

**મુ.જામનગર.**

**આઇ.ડી.પરચુરણ અરજી નં.૦૩/૨૦૨૬**

**આંક–૫.**

**અરજદાર :** જયેન્દ્રસિંહ કે. જાડેજા. માલિક/પાર્ટનર,
ભારત મશિન ટુલ્સ, પંડિત નહેરૂ માર્ગ, જામનગર.

**વિરુદ્ધ**

**સામાવાળા :** સુખદેવસિંહ પ્રસંગસિંહ જાડેજા,
કે.ઓ. મજૂર મહાજન સંઘ,
જામનગર.

**બાબત : ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ રૂલ્સ–૨૬(એ) મુજબ બાય પાર્ટી ચલાવવા અંગેની અરજી.**

| | |
|---|---|
| **અરજદાર તરફે** | **: વિ.વ.શ્રી. એ.એન.શામ** |
| **સામાવાળા નંબર તરફે** | **: વિ.પ્રતિનિધી શ્રી. પી.આર.જોષી** |

**-:: ચુકાદો ::-**

૧. ૨૦૧૨ માં અમારી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે મનદુ:ખ થતા અમારી ભાગીદારી પેઢીના મુળ એક્ટિવ ભાગીદારો આ પેઢી એમ ને એમ મુકી પોતાની નવી જગ્યાએ નવા નામે અલગ અલગ ઔધોગિક એકમો શરૂ કરેલ.

આથી અમારી ઉપરોક્ત પેઢીમાં ઉત્પાદન એકમમાં જે ભાગીદારો સક્રિય હતા અને જે તે વિભાગના એક્ષપર્ટ હતા તે તમામ યુનિટો સને ૨૦૧૨ થી અચાનક બંધ થઈ ગયેલા અને અમારા કારખાનામાં સિરિયલ વર્ક હોય, એક યુનિટ બંધ થાય તો આખા કારખાનાનાં તમામ ઉત્પાદનો બંધ થઈ જાય તેથી ઉપરોક્ત મુળ ઉત્પાદન યુનિટો બંધ થતા સને ૨૦૧૨ થી તમામ પ્રકારનું ઉત્પાદન બંધ થઈ ગયેલ અને અમારા કારખાનામાં કામ ન રહેતા મોટે ભાગે તમામ કર્મચારી પોતાની જાતે સ્વેચ્છાએ કામે આવતા બંધ થવા લાગેલ અને અમારી ફેક્ટરીનો વાઈન્ડ અપ પ્રક્રિયા દરમિયાન થોડા સમય સુધી ૫ થી ૭ કર્મચારીઓ ડિસેમ્બર-૨૦૧૩ સુધી ચાલુ રહેલ પરંતુ આ કામના કામદારે તો અમારી પેઢીમાં કદી કામ કરેલ નથી. તેથી જ કામદારે પોતાની પગાર સ્લિપ કે, ઈ.એસ.આઈ. કે, ઈ.પી.એફ. ની કોઈ સ્લિપ કે, અમારી પેઢીમાં કામ કરતા હોય તેવો આધાર કે, બીજા કોઈ સાથી સાક્ષીનો પુરાવો રજૂ કરેલ નથી.

આ કામમાં અમો હાલના અરજદાર જયેન્દ્રસિંહ કે.જાડેજાને માલિક તરીકે જોડેલા છે પરંતુ આ યુનિટના કુલ ૧૭ ભાગીદારો પૈકી પાંચ ગુજરી ગયા છે. બાકીના અમુક ભાગીદારો એક્ટિવ પાર્ટનર તરીકે હાજર રહેતાં. તેઓએ પોતાના અલગ યુનિટ શરૂ કરી દિધેલા છે અને અમારી ફેક્ટરી ચાલુ હતી. ત્યારે પણ મારી તબિયતના કારણે મે કદી એક્ટિવ પાર્ટનર તરીકે કોઈ જવાબદારી કે, ઉત્પાદન પ્રક્રિયામાં ભાગ લિધેલ નથી. કામદાર માલિકને

જાણતા કે, ઓળખતા જ ન હોય મને મુળ રેફરન્સ અરજીમાં પક્ષકાર તરીકે જોડેલ નથી અને રેકર્ડ મુજબ પણ મને નામ જોગ એકપણ નોટિસ થયેલ નથી કે, કંપનીના નામથી કાઢવામાં આવેલ નામ. કોર્ટની એકપણ નોટિસ મને મળેલ નથી કે, મારી એકપણ નોટિસમાં સહિ નથી કે, બજેલ નથી. કારણ કે, મુળ રેફરન્સથી જ મારી નાદુરસ્ત તબિયતના કારણે ફેક્ટરીમાં કદી હાજર રહેતો ન હતો અને અરજદારને હું ઓળખતો નથી કે, મે કોઇ કામદારને છુટા કરેલ નથી. ચાર છ મહિને એક વખત અમારા ભાગીદાર વિજયસિંહ ભગવતસિંહ જાડેજા બંધ ફેક્ટરીની મુલાકાત લેતાં અને અમારી ફેક્ટરીના તમામ કામદારો ફેક્ટરી બંધ થયા પહેલા સ્વેચ્છાએ કામ છોડી ગયેલ હોય, નામ.કોર્ટની નોટિસની ગંભિરતાની જાણ થયેલ ન હોય, આથી શુદ્ધબુદ્ધીની શરતચુકથી તારીખોમાં હાજર રહી શકેલા નહી તેથી નામ.કોર્ટે અરજદારની હાલની અરજી ચેલેન્જ થયેલ ન હોય આ કેસ તા.૦૧/૦૭/૨૦૧૬ માં અમારા વિરુદ્ધ ચુકાદો આપેલ છે.

આપ નામદારના હુકમની જાણ થતા અમોએ હાલની અરજી આઇ.ડી.એક્ટના રૂલ્સ ૨૬(એ) મુજબ હાલની અરજી ૩૦ દિવસમાં લાવવાની હોય, પરંતુ મને આ રેફરન્સ અરજીનો હુકમ મળેલ નહિ અને તે બાદ પણ મને અંગત નોટિસ બજેલ ન હોય, અમો આ કામમાં હાજર રહી શકેલ નહિ. આ તમામ અરજીઓમાં એક તરફી હુકમ થયેલ હોય, તે બાદ અમોને નામ. કલેક્ટરશ્રી તરફથી તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ મારા નામ જોગ વસૂલાત માટેની તા.૧૬/૦૮/૨૦૨૪ ની નોટિસ બનતા અમોને મારા વિરુદ્ધ થયેલ એક તરફી હુકમની જાણ થયેલ છે.

આ કામે સામાવાળા તરફે તેઓની રજૂઆત છે કે, અરજદારની ફરિફાઇલ અરજી નામંજુર કરવી જોઇએ કારણ કે, અરજીમાં જણાવેલ કારણોસર અરજી મંજુર થવા પાત્ર નથી. જો કોર્ટ એવા નિર્ણય પર પહોંચે કે, આ અરજી મંજુર થવા પાત્ર છે તો, તેવા સંજોગોમાં હેવી કોસ્ટ સાથે અરજી મંજુર કરવી જોઇએ. આ કામે પક્ષકારોની રજૂઆત હાથ ઉપરનો કેસ અને પડેલા પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, અરજદારની હાલની અરજી મંજુર કરવાથી સામાવાળાને કોઇ નુકસાન જવાનું નથી પરંતુ બંને પક્ષકારોની રજૂઆત કરવાની તક આપવાથી સત્ય હકીકત રેકર્ડ પર આવી શકે છે જે

કેસનો ન્યાયિ નિર્ણય કરવામાં મદદરૂપ થઇ શકે છે. આ કામે કોર્ટે એ હકીકત પણ ધ્યાને લેવી જોઇએ કે, આ કેસ ચાલતા દરમિયાન સામાવાળા કામદારને માનસિક અને આર્થિક રીતે સહન કરવું પડેલ છે. આમ, અરજદારની ફરિફાઇલ અરજી મંજુર કરવી ન્યાયિ અને વાજબી જણાતું હોય, આ અરજી અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧.** અરજદારની ફરિફાઇલ અરજી ૦૩/૨૦૨૬ મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદાર સંસ્થાએ સામાવાળા કામદારને ખર્ચના રૂપિયા ૭૦૦૦/- ચૂકવેથી મુળ રેફરન્સ (ટી) એલ.સી.જે. ૧૮૦/૨૦૧૪ માં થયેલ હુકમ સેટ-અસાઇટ કરી, મુળ રેફરન્સ ૧૮૦/૨૦૧૪ બોર્ડ ઉપર લેવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** અરજદાર સંસ્થાએ સામાવાળાને ખર્ચના રૂપિયા ૫,૦૦૦/- અલગથી ચૂકવવા.

**૪.** આ કેસ જુનો હોય બંને પક્ષકારોએ એક મહિનાની અંદર કેસ પુર્ણ કરવો અને જરૂરિયાત વગર મુદ્દત માંગવી નહિ.

હુકમ આજ રોજ તા.૨ , માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૦૨/૦૪/૨૦૨૬.**

**જામનગર.**

**(ડી.જે.ઠાકર)**
**પ્રિસાઈડિંગ ઓફિસર**
**મજૂર અદાલત કોર્ટ નંબર-૧, જામનગર.**
**આઇ.ડી. નં. જીજે-૦૦૭૪૮.**

વિશાલકુમાર ખાવડા
(સ્ટેનોગ્રાફર)